# માર્ગદર્શિકા

## ભૂગર્ભજળ વપરાશકર્તાઓની જૂથ રચના, ક્ષમતાવર્ધન અને ટકાઉપણા માટેની પ્રક્રિયા

Standard Operating Procedure

Guidelines & Support



Kankavati Managed Aquifer Recharge Through Community

K-MARC

Groundwater - Secure it, Secure your self

Visit Us
www.kmarc.live
www.act-india.org

ARID COMMUNITIES & TECHNOLOGIES

એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ
એ-૫૬, ચંગલેશ્વર સોસાયટી, રંજનવાડીની સામે,
મુન્દ્રા રોડ રી લોકેશન સાઇટ, ભૂજ-કચ્છ.

# માર્ગદર્શિકા

## ભૂગર્ભજળ વપરાશકર્તાઓની જૂથ રચના, ક્ષમતાવર્ધન અને ટકાઉપણા માટેની પ્રક્રિયા

## અનુક્રમ


| ક્રમ | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | વિભાવના | ૦૩ |
| ૨ | માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા | ૦૩ |
| ૨.૧ | સ્થાનિક સ્તરે લોકો સાથે સંબંધ સ્થાપિત કરવા | ૦૩ |
| ૨.૨ | ગામની આંકડાકિય માહિતી એકત્ર કરવી | ૦૩ |
| ૩ | જૂથ બનાવવાની પ્રક્રિયા | ૦૪ |
| ૪ | જૂથ બની ગયા બાદ પોતાના ગામ/વિસ્તારમાં ભૂગર્ભજળ વ્યવસ્થાપન અંગે જૂથ સાથે કરવાની પ્રક્રિયા | ૦૪ |
| ૫ | જૂથ સ્વતંત્ર રીતે કાર્યાન્વત રહે તે માટે નિયમિત ક્ષમતાવર્ધનની પ્રક્રિયા | ૦૫ |
| ૬ | પરિશિષ્ટ | ૦૫ |
| | પરિશિષ્ટ-૧: જૂથની રચના કરવા માટેના માપદંડ | ૦૫ |
| | પરિશિષ્ટ-૨: જૂથનો બેઝલાઈન ડેટા અંકે કરવાનું પત્રક | ૦૬ |
| | પરિશિષ્ટ-૩: જૂથના સભ્યોના ખેતીના સર્વે નંબર આધારિત લોકેશન મેપ | ૦૬ |
| | પરિશિષ્ટ-૪: જૂથની પ્રોફાઇલ | ૦૭ |
| | પરિશિષ્ટ-૫-અ: પશુપાલન જૂથ સાથે કરવાની કામગીરીનું આયોજન | ૦૮ |
| | પરિશિષ્ટ-૫-બ: ૧. પીવાના પાણીના સ્રોતોનું સર્વેક્ષણ અને આયોજન | ૧૨ |
| | ૨. સાર્વજનીક ચરીયાણ જમીન સ્રોતોનું સર્વેક્ષણ અને આયોજન | ૧૩ |
| | ૩. સાર્વજનીક વેટલેન્ડ સ્રોતોનું સર્વેક્ષણ અને આયોજન | ૧૩ |
| | પરિશિષ્ટ-૫-ક: જમીન વિહોણા લોકો સાથે કરવાનું આયોજન | ૧૪ |




# માર્ગદર્શિકા

## ભૂગર્ભજળ વપરાશકર્તાઓની જૂથ રચના, ક્ષમતાવર્ધન અને ટકાઉપણા માટેની પ્રક્રિયા

### ૧. વિભાવના

સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન દ્વારા ભૂગર્ભજળના કાર્યક્ષમ ઉપયોગ અને તેના વ્યવસ્થાપન માટે લોકજાગૃતિનો ફેલાવો થાય અને સાથે-સાથે લોકોના ભૂગર્ભજળ અંગેના જ્ઞાનમાં વધારો થાય, ક્ષમતાવર્ધન થાય તે માટે પ્રત્યેક ગામમાં, પ્રત્યેક વ્યકિત સુધી પહોચવાની પ્રક્રિયા સરળ નથી. આથી, ગામના એક-એક વ્યકિત સુધી પહોચવા માટે પ્રત્યેક ગામમાં ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથની રચના કરવાનો અભિગમ એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોસિ (એકટ) સંસ્થા દ્વારા અપનાવવામાં આવેલો છે. આ આભિગમ દ્વારા દરેક ગામમાં લોકોના વ્યવસાય, રહેઠાણ આધારિત ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથ બનાવવાની પ્રક્રિયા સંસ્થા દ્વારા કરી ગામમાં એક અથવા એકથી વધારે ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથ તૈયાર કરવા અને આ જૂથોનું ક્ષમતાવર્ધન થાય તે માટે વિષય આધારિત તાલિમોનું આયોજન કરવું તે ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથ તૈયાર કરવાનો મુખ્ય હેતુ છે.

દરેક ગામમાં ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથ તૈયાર કરવા માટેની પ્રક્રિયામાં એકરૂપતા રહે એ માટે માર્ગદર્શિકા (Standard Operating Procedure – SOP) તૈયાર કરવી જરૂરી છે.

### ૨. માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા (Standard Operating Procedure – SOP)

પ્રત્યેક ગામમાં ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથ બનાવવા માટેની પદ્ધતિ એક સરખી રહે અને એ પદ્ધતિ દ્વારા કાર્યદક્ષ ભૂગર્ભજળ વપરાશકર્તા જૂથની રચના થાય તે માટે જૂથ બનાવવા માટેની માર્ગદર્શિકા આ પ્રમાણે છે:

#### ૨.૧ સ્થાનિક સ્તરે લોકો સાથે સંબંધ સ્થાપિત કરવા

ગામમાં જૂથ બનાવતા પહેલા ગામલોકો સાથે મુલાકાતો કરવી. ગામના પ્રગતિશીલ ખેડૂતો, સરપંચ, તલાટીશ્રી, આંગણવાડીના અધિકારીશ્રી ગામમાં આવેલી શાળાના શિક્ષકો તથા આશાવર્કર જેવા ચાવીરૂપ વ્યકિતઓના સંપર્ક નંબર મેળવી તેમની સાથે બેઠક કરવી. આ બેઠકમાં સંસ્થા વિશે વિગતવાર માહિતી આપવી અને સંસ્થા શા માટે ગામમાં જૂથ બનાવવા માગે છે તેની સ્પષ્ટ વિગતો આપવી. ગામમાં અન્ય કોઇ સંસ્થા કાર્યરત છે કે નહી અને તેમના દ્વારા જૂથ બનાવવામાં આવેલા છે કે નહી તેની માહિતી એકત્ર કરવી. ત્યારબાદ ચાવીરૂપ વ્યકિતઓને સાથે રાખી ગામમાં જ્ઞાતિ, કુટુંબો અને ફળિયા પ્રમાણે લોકસંપર્ક કરવો અને તેમને ગામમાં આવવાનું સ્પટ કારણ સમજાવવું અને જૂથ બનાવવા માટે વિશ્વાસ સંપાદિત કરવો.

#### ૨.૨ ગામની આંકડાકિય માહિતી એકત્ર કરવી

- ગામનો રેવન્યુ મેપ મેળવી ગામલોકો સાથે રહી ગામની જમીન વપરાશનો નકશો બનાવવો.
- ગ્રામ પંચાયત અથવા સેન્સસ દ્વારા વસતિ વિષયક માહિતી અંકે કરવી.
- ગામનો બેઝલાઇન ડેટા ઉભો કરવો.
- ગામમાં આવેલા ઉપયોગી-બીનઉપયોગી કુદરતી સંસાધનોનું સર્વેક્ષણ અને વિશ્લેષણ કરી કુદરતી સંસાધનોની ક્ષમતાની આકરણી કરવી.
- સંસાધનોની ક્ષમતા અંગેની માહિતી લોકો સાથે ચર્ચા-વિચારણા કરવી અને તે અંગે લોકો તરફથી મળેલા અભિપ્રાયનો વિશ્લેષણમાં સમાવેશ કરવો.
- ગામની અને કુદરતી સંસાધનનો અંગેની સમસ્યા અંગે લોકો સાથે બેઠક કરી સમસ્યાનું સુસંગત સમાધાન અંગે ચર્ચા કરવી.

- વિવિધ સમસ્યા અને સમાધાનના સંદર્ભમાં જૂથોની રચના કરવી.
- જૂથ રચના કરવા માટે માપદંડનો ફરજિયાત અમલ કરવો. (જૂઓ પરિશિષ્ટ-૧)

### ૩. જૂથ બનાવવા માટેની પ્રક્રિયા

- બેઝલાઇન ડેટાના વિશ્લેષણના આધારે તથા સંસ્થા દ્વારા સ્થાપિત કરવામાં આવેલા માપદંડને ધ્યાનમાં રાખીને ગામમાં ખેડૂતો, પશુપાલકો, જમીનવિહોણા લોકો અને ખેતમજૂરો સાથે બેઠક કરવી.
- બેઠકમાં ગામના બધા પ્રકારના લોકો હાજર રહે તેની તકેદારી રાખવી.
- બેઠકમાં સંસ્થાનો પરિચય, સંસ્થાનો હેતુ, કાર્યક્ષેત્ર તથા જૂથ બનાવવા માટેનો હેતુ-ઉદ્દેશ્ય સ્પષ્ટ સમજાવવો અને તે અંગે વિસ્તૃત ચર્ચા કરવી.
- જૂથ બનાવવા માટે રસ ધરાવતા ઉત્સાહી લોકો સાથે જૂથ બનાવવા માટે ઊંડાણપૂર્વક ચર્ચા કરવી.
- વ્યવસાયની પ્રથમિકતા પ્રમાણે આ પ્રમાણે જૂથની રચના કરી શકાય: (૧)પિયત ખેતી કરતાં ખેડૂતો(૨)સૂકી ખેતી કરતાં ખેડૂતો(૩)પિયત ખેતી સાથે પશુપાલન કરતાં ખેડૂતો(૪)સૂકી ખેતી સાથે પશુપાલન કરતાં ખેડૂતો(૫)ફકત પશુપાલન કરતાં લોકો અને (૬) જમીનવિહોણા અને ખેતમજૂરો.
- જુથના દરેક સભ્યોનો ડેટા બેઝ ઉભો કરવો. (જૂઓ પરિશિષ્ટ-૨)
- ખેતી સાથે સંકળાયેલ જૂથના સભ્યોના સર્વે નંબરના આધારે રેવન્યુ મેપ ઉપર લોકેશન મેપ બનાવવો. (જૂઓ પરિશિષ્ટ-૩).
- દરેક જૂથનું નામકરણ કરી તેની પ્રોફાઇલ બનાવવી.(જૂઓ પરિશિષ્ટ-૪).
- દરેક જૂથના ઠરાવ પસાર કરવા અને જૂથની દરેક બેઠકના દસ્તાવેજીકરણ માટે રજિસ્ટર તૈયાર કરવા.
- જૂથ અસરકારક રીતે કાર્યવંત રહે તે માટે દરેક જૂથના સભ્યોની સહમતિથી નિયમો બનાવવા.
- દરેક જૂથની સંપૂર્ણ માહિતી ગ્રામ પંચાયતને આપી માન્યતા મેળવવી.

### ૪. જૂથ બની ગયા બાદ પોતાના ગામ/વિસ્તારમાં ભૂગર્ભજળ વ્યવસ્થાપન અંગે જૂથ સાથે કરવાની પ્રક્રિયા

- દરેક જૂથ સાથે સતત સંપર્ક બનાવી રાખવો.
- નિયમિત દર પંદર દિવસે ગામમાં સાર્વજનિક સ્થળ ઉપર, અનૂકુળ સમયે બેઠક કરાવવી અને બેઠકમાં એજન્ડા નક્કી કરી તેના ઉપર ચર્ચા કરવી/કરાવવી. દરેક બેઠકનું દસ્તાવેજીકરણ કરવું/કરાવવું.
- દરેક જૂથનું તેમના વ્યવસાય પ્રમાણે, ઋતુ પ્રમાણે (ચોમાસું, શિયાળુ અને ઉનાળુ)આયોજન તૈયાર કરવું/કરાવવું.(જૂઓ પરિશિષ્ટ ૫-અ, ૫-બ, ૫-ક).
- જૂથના સભ્યો અને ગામલોકોને સંસ્થાના એજન્ડા, હેતુ ઉદ્દેશ્ય સાથે વિવિધ પ્રવૃતિઓમાં સામેલ કરવા અને કામગીરીના નમૂના ઊભા કરાવવા.
- જૂથના સભ્યો અને ગામલોકો પોતાની જરુરિયાત પ્રમાણે સરકારશ્રીની એજન્સી, યોજનાઓ અને નિષ્ણાંતો સાથે સતત સંપર્કમાં રહે તે માટે બધા જૂથનું પ્રતિનિધિત્વ કરે તેવું એક મંચ તૈયાર કરવું/કરાવવું
- જૂથ દ્વારા કરવામાં આવતી કામગીરીની ગ્રામ પંચાયતને અચૂક જાણ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવી/કરાવવી.
- જૂથ સાથે રહીને ગામમાં થતી કામગીરીનું સતત ફોલોઅપ કરવું.

## ૫. જૂથ સ્વતંત્ર રીતે કાર્યાન્વત રહે તે માટે નિયમિત ક્ષમતાવર્ધનની પ્રક્રિયા

- અલગ-અલગ ગામના જૂથ તેમણે કરેલી કામગીરી-અનુભવોની આપ-લે કરી શકે તે માટે પ્રેરણા-પ્રવાસનું આયોજન કરવું.
- માહિતી, જ્ઞાન, દ્રષ્ટિકોણ અને આવડતનો વિકાસ થાય તે માટે વખતોવખત તાલિમનું આયોજન કરવું.
- આવડતના વિકાસ બાદ તબક્કાવાર, જરુરિયાત મુજબ વિષય આધારિત તાલિમોનું આયોજન કરવું.
- નમૂનારૂપ કરેલી કામગીરીઓનું પોતાની રીતે જાળવણી કરવા માટે કૌશલ્યમાં વધારો થાય તેવી તાલિમોનું આયોજન કરવું.

આ રીતે, જયારે જૂથ કાર્યક્ષમ રીતે, પરિણામલક્ષી કાર્યરત રહેવા માટે સક્ષમ થતી જણાય ત્યારે સંસ્થાએ પોતાની ભૂમિકા ધીરે-ધીરે સિમીત કરી જૂથને સ્વત્રાંત રીતે આગળ વધાવનું વાતાવરણ પૂરુ પાડવું.

## પરિશિષ્ટ: ૧
## જૂથની રચના કરવા માટેના માપદંડ

૧. જૂથમાં સભ્ય તરીકે રહેવા માગતો વ્યકિત ગામમાં જ રહેતો હોવો જોઇએ.
૨. ગામની કુલ વસતિના આશરે ૭૦% લોકોનો સમાવેશ થાય તે રીતે અલગ-અલગ જૂથ તૈયાર કરવા
૩. દરેક જૂથમાં ઓછામાં ઓછા ૧૨ અને વધુમાં વધુ ૧૫ સભ્યોનો સમાવેશ કરવો.
૪. જૂથમાં સ્ત્રી અને પુરુષનો ૫૦% રેશિયો જાળવવો.
૫. જે ગામમાં સ્ત્રી અને પુરુષ એક સાથે જુથમાં જોડાવવા સંમત ન હોય ત્યાં સ્ત્રી અને પુરુષના અલગ-અલગ જૂથ તૈયાર કરવા.
૬. એક કુટુંબમાંથી એક જ સભ્ય જૂથમાં જોડાશે. સંજોગોવસાત એક કરતાં વધારે સભ્યો જોડાય તો નિદર્શન માટે કરવામાં આવતી પ્રવૃતિમાં તે એક કુટુંબ તરીકે માન્ય રહેશે.
૭. દરેક વ્યવસાય સાથે જોડાયેલા એક-એક વ્યકિતનો જૂથમાં સમાવેશ કરવો.
૮. જે વ્યકિત જમીન કે પશુઓનો માલિક નથી પણ ખેતી/પશુપાલન કરે છે અને સુસંગત તથા વ્યવહારું નિર્ણય કરવાની ક્ષમતા ધરાવે છે તેનો જૂથમાં સમાવેશ કરવો.
૯. નિદર્શનો કે નમૂના રૂપ કામગીરી કરવા કે કરાવવા માટે સિમાંત/નાના ખેડૂતોને પ્રાથમિકતા આપવી.
૧૦. નાના-મોટા પશુઓની પ્રમાણમાં વધુ સંખ્યા ધરાવતાં પશુપાલકોનું જૂથ અલગથી બનાવવું.



## પરિશિષ્ટઃ ૨
## જૂથનો બેઝલાઇન ડેટા અંકે કરવાનું પત્રક

| ક્રમ | નામ | સંપર્ક નંબર | ઉંમર | જમીન (એકર) | સર્વે નંબર | ખેતી (એકર) | | પિયતનો સ્રોત | | | બીન ઉપયોગી સ્રોત | | | ખેડૂત વર્ગ (જમીનની માલિકીના આધારે) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પિયત | સૂકી | બોરવેલ | ટ્યુબવેલ | કૂવો | બોરવેલ | ટ્યુબવેલ | કૂવો | સિમાંત અને નાના (૧ થી ૫ એકર) | મધ્યમ (૫ થી૧૦ એકર) | મોટા (૧૦ એકરથી વધારે) |
| ૧ | | | | | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | | | | | | |
| ૧૧ | | | | | | | | | | | | | | | | |
| ૧૨ | | | | | | | | | | | | | | | | |
| ૧૩ | | | | | | | | | | | | | | | | |
| ૧૪ | | | | | | | | | | | | | | | | |
| ૧૫ | | | | | | | | | | | | | | | | |

## પરિશિષ્ટઃ ૩
## જૂથના સભ્યોના ખેતીના સર્વે નંબર આધારિત લોકેશન મેપ



# પરિશિષ્ટ: ૪
## જૂથની પ્રોફાઇલ

| ક્રમ | ગામનું નામ | જૂથનો કોડ નંબર | જાતિ સ્ત્રી/પુરુષ | આજીવિકા મુજબ જૂથનો પ્રકાર | કુલ ઘર | કુલ વસતિ | | વસતિનું વર્ગીકરણ | | | | જમીનની માહિતી | | પશુઓની સંખ્યા | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરુષ | સ્ત્રી | જનરલ | એસ. સી. | એસ. ટી. | ઓ. બી. સી. | વરસાદ આધારિત (હેકટર) | પિયત (હેકટર) | ગાય | બળદ | ભેંસ | ઘેટા | બકરા | ઊંટ | અન્ય |
| ૧ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૬ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૭ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૮ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૯ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૦ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૧ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૨ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૩ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૪ | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧૫ | | | | | | | | | | | | | | | | | | | | |

# પરિશિષ્ટ-૫-અ
# પશુપાલન જૂથ સાથે કરવાની કામગીરીનું આયોજન

| નામ | | ગામ | |
|---|---|---|---|
| જૂથનું નામ/કોડ નંબર | | હાઉસહોલ્ડ નંબર | |

## ૧. પશુપાલન અંગેની માહિતી

| પ્રકાર | સંખ્યા | દૂધ આપતા પશુઓની સંખ્યા | દૂધનું ઉત્પાદન (લિટર/દિવસ) | | | ભાવ/લિટર | દૂધ વહેંચવાની વ્યવસ્થા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | છુટક વેંચાણ | | ડેરી (નામ) |
| | | | | | | | ગામમાં | બાજુના ગામમાં | |
| ગાય | | | | | | | | | |
| ભેંસ | | | | | | | | | |
| ઘેટા | | | | | | | | | |
| બકરા | | | | | | | | | |
| ઊંટ | | | | | | | | | |
| ઘોડા | | | | | | | | | |
| બળદ | | | | | | | | | |
| અન્ય | | | | | | | | | |

## ૨. વ્યવસાય

| ફક્ત પશુપાલન | પિયત ખેતી સાથે પશુપાલન | સૂકી ખેતી સાથે પશુપાલન |
|---|---|---|
| | | |

## ૩. ફક્ત પશુપાલન કરો છો તો ચારાની વ્યવસ્થા માટે શું કરો છો?

| |
|---|
| |

## ૪. ખેતી સાથે પશુપાલન કરો છો તો ચારાના કયા-કયા પાકોનું વાવેતર કરો છો?

| ક્રમ નંબર | લીલો ચારો | વિસ્તાર (એકર) | ક્રમ નંબર | સૂકો ચારો | વિસ્તાર (એકર) | ચારો બજારમાંથી ખરીદો છો? હા / ના | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રજકો | | ૧ | બાજરો | | ચારો કેટલો ખરીદો છો? | |
| ૨ | જુવાર | | ૨ | જુવાર | | વર્ષ દરમિયાન કેટલો ખર્ચ થાય છે? | |
| ૩ | બાજરો | | ૩ | મકાઇ | | એક પશુ દીઠ કેટલો ખર્ચ થાય છે? | |
| ૪ | મકાઇ | | ૪ | મગફળી | | પશુ આહાર કેટલો ખરીદો છો? | |
| ૫ | એન. બી.-૨૧ | | ૫ | સૂકું ઘાસ | | એક પશુ દીઠ કેટલો ખર્ચ થાય છે? | |

૫. માત્ર પશુપાલન કરો છો તો દૂધાળા પશુઓને ચારા માટે શું આપો છો?

| પ્રકાર | ચારાનો પ્રકાર | | એક મહિનાની જરૂરિયાત (કિલોગ્રામ) | | એક મહિનાનો ખર્ચ (રૂપિયા) | | ચારો/પશુઆહાર બજારમાંથી ખરીદવાનો ખર્ચ (રૂપિયા/મહિનો) |
|---|---|---|---|---|---|---|---|
| | લીલો ચારો | સૂકો ચારો | લીલો ચારો | સૂકો ચારો | લીલો ચારો | સૂકો ચારો | |
| ગાય | | | | | | | |
| ભેંસ | | | | | | | |
| ઘેટા | | | | | | | |
| બકરા | | | | | | | |
| ઊંટ | | | | | | | |
| ઘોડા | | | | | | | |
| અન્ય | | | | | | | |

૬. દૂધ ના આપતાં પશુઓને ચારા માટે શું આપો છો?

| પ્રકાર | ચારાનો પ્રકાર | | એક મહિનાની જરૂરિયાત (કિલોગ્રામ) | | એક મહિનાનો ખર્ચ (રૂપિયા) | | ચારો/પશુઆહાર બજારમાંથી ખરીદવાનો ખર્ચ (રૂપિયા/મહિનો) |
|---|---|---|---|---|---|---|---|
| | લીલો ચારો | સૂકો ચારો | લીલો ચારો | સૂકો ચારો | લીલો ચારો | સૂકો ચારો | |
| ગાય | | | | | | | |
| ભેંસ | | | | | | | |
| ઘેટા | | | | | | | |
| બકરા | | | | | | | |
| ઊંટ | | | | | | | |
| ઘોડા | | | | | | | |
| બળદ | | | | | | | |
| અન્ય | | | | | | | |

૭. વસૂકી ગયેલા પશુઓ માટે શું  વ્યવસ્થા કરો છો?

૮. ગામમાં ચરીયાણ જમીનની વ્યવસ્થા છે?

| હા | | ના | | જો હા તો ચરીયાણ જમીનને અનુલક્ષીને કોઇ સમસ્યા છે? |
|---|---|---|---|---|
| | | | | |

૯. પશુઓને પીવાના પાણીની શું વ્યવસ્થા છે?

| ચોમાસું | શિયાળો | ઉનાળો |
|---|---|---|
| | | |

૧૦. પશુઓને કઇ-કઇ બિમારી થાય છે?

| પ્રકાર | બિમારીનું નામ | | | બિમારીનો ઉપચાર | | | બિમારીનો ખર્ચ (રૂપિયા/વર્ષ) |
|---|---|---|---|---|---|---|---|
| | ચોમાસું | શિયાળો | ઉનાળો | ચોમાસું | શિયાળો | ઉનાળો | |
| ગાય | | | | | | | |
| ભેંસ | | | | | | | |
| ઘેટા | | | | | | | |
| બકરા | | | | | | | |
| ઊંટ | | | | | | | |
| ઘોડા | | | | | | | |
| બળદ | | | | | | | |
| અન્ય | | | | | | | |

૧૧. પશુઓ માટે બિમારીમાં દેશી/ઘરગથ્થુ ઉપચાર કરો છે?

| હા | | ના | | જો હા તો શું કરો છો? |
|---|---|---|---|---|
| | | | | |

૧૨. પશુઓને રસીકરણ કરાવો છો?

| હા | | ના | | જો હા તો રસીકરણની વિગત આપો. |
|---|---|---|---|---|
| | | | | |

૧૩. પશુઓને ફેળવવા માટે શું કરો છો?

૧૪. પશુપાલન કરવામાં શું સમસ્યા આવે છે?

| ઋતુ | ઘાસચારો | પાણી | બિમારી | દૂધ ઉત્પાદન | દૂધનું વેંચાણ | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ચોમાસું | | | | | | |
| શિયાળો | | | | | | |
| ઉનાળો | | | | | | |

૧૫. સમસ્યાના નિવારણ માટે મંતવ્યો

| ઋતુ | ઘાસચારો | પાણી | બિમારી | દૂધ ઉત્પાદન | દૂધનું વેંચાણ | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ચોમાસું | | | | | | |
| શિયાળો | | | | | | |
| ઉનાળો | | | | | | |

૧૬. પશુઓના છાણ અને મુત્રનો શું ઉપયોગ કરો છો?

**૧૭. પશુઓના ધણની શું વ્યવસ્થા કરો છો?**

| વર્ષનો પ્રકાર | શરૂઆતમાં પશુઓની સંખ્યા | નવા જન્મેલા પશુઓની સંખ્યા | મૃત્યુ પામેલા પશુઓની સંખ્યા | નવા ખરીદેલા પશુઓની સંખ્યા | વેચાણ કરેલા પશુઓની સંખ્યા | ગૌશાળામાં મૂકેલા પશુઓની સંખ્યા | વર્ષના અંતે પશુઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| સારો વરસાદ | | | | | | | |
| મધ્યમ વરસાદ | | | | | | | |
| દુષ્કાળ | | | | | | | |

## પરિશિષ્ટ-૫-બ
## ૧. પીવાના પાણીના સ્રોતોનું સર્વેક્ષણ અને આયોજન

| ક્રમ | સ્રોતનું નામ | સ્રોતનું સ્થાન | | | ઉપયોગ | લાભાર્થીની સંખ્યા | વરસાદ પછી કેટલા મહિના પાણી રહે છે? | | | મુખ્ય સમસ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રેખાંશ | અક્ષાંશ | વિસ્તારનું નામ | | | સારૂં વર્ષ | મધ્યમ વર્ષ | નબળું વર્ષ | જથ્થો | ગુણવત્તા | વ્યવસ્થાપન |
| ૧ | | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | | |

**સમસ્યાઓના નિવારણ માટેનું આયોજન**



## પરિશિષ્ટ-૫-બ
## ૨. સાર્વજનીક ચરીયાણ જમીન સ્રોતોનું સર્વેક્ષણ અને આયોજન

| ક્રમ | જમીન સ્રોતનું નામ | સ્રોતનું સ્થાન | | | કુલ જમીન (એકર) | ઉપયોગ | ઉપયોગ કરનાર | ઉપયોગનો પ્રકાર (વર્ષ દરમિયાન કયા સમયગાળામાં?) | સમસ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રેખાંશ | અક્ષાંશ | વિસ્તારનું નામ | | | | | ગુણવત્તા સંબધિત | વહિવટ સંબધિત | વ્યવસ્થાપન સંબંધિત |
| ૧ | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | |

**સમસ્યાઓના નિવારણ માટેનું આયોજન**

## પરિશિષ્ટ-૫-બ
## ૩. સાર્વજનીક વેટલેન્ડ સ્રોતોનું સર્વેક્ષણ અને આયોજન

| ક્રમ | વેટલેન્ડ સ્રોતનું નામ | સ્રોતનું સ્થાન | | | કુલ જમીન (એકર) | ઉપયોગ | ઉપયોગ કરનાર | ઉપયોગનો પ્રકાર (વર્ષ દરમિયાન કયા સમયગાળામાં?) | સમસ્યા | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રેખાંશ | અક્ષાંશ | વિસ્તારનું નામ | | | | | ગુણવત્તા સંબધિત | વહિવટ સંબધિત | વ્યવસ્થાપન સંબંધિત |
| ૧ | | | | | | | | | | | |
| ૨ | | | | | | | | | | | |
| ૩ | | | | | | | | | | | |
| ૪ | | | | | | | | | | | |
| ૫ | | | | | | | | | | | |

**સમસ્યાઓના નિવારણ માટેનું આયોજન**

## પરિશિષ્ટ-૫-ક
## જમીન વિહોણા લોકો સાથે કરવાનું આયોજન

| નામ | | ગામ | |
|---|---|---|---|
| જૂથનું નામ/કોડ નંબર | | હાઉસહોલ્ડ નંબર | |

૧. અત્યારે શું વ્યવસાય કરો છો?

૨. તમારે પાસે તમારૂં પોતાનું મકાન છે?

| હા | | ના | | જો હા તો કેટલા વિસ્તારમાં છે તે ચોરસમીટરમાં જણાવો. | |
|---|---|---|---|---|---|

૪. ઘરવપરાશ માટે દૂધ મળે તે માટે પશુ રાખો છો?

| હા | | ના | | જો હા તો કયા પશુ રાખો છો અને કેટલા છે? | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગાય | ભેંસ | ઘેટા | બકરા | ઊંટ | ઘોડા | | | | |
| | | | | | | | | | |

૬. પશુઓના ચારા માટે શું વ્યવસ્થા કરો છે?

૭. ચારા માટે મહિનાનો કેટલો ખર્ચ થાય છે?

૮. વ્યવસ્યાય તરીકે પશુપાલન કરવા ઇચ્છો છો?

| હા | | ના | | જો હા તો કેટલા પશુઓ સાથે શરૂઆત કરી શકાય? | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગાય | ભેંસ | ઘેટા | બકરા | ઊંટ | ઘોડા | | | | |
| | | | | | | | | | |

૧૦. જૂથ સાથે જોડાઇને કઇ પ્રવૃતિ કરવા માગો છો?

| કીચન ગાર્ડન | નર્સરી | બાવળનું ખાતર | કંપોસ્ટ ખાતર | ચાફ કટર | અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |

૧૧. વ્યકિતગત રીતે કઇ પ્રવૃતિ કરવા માગો છો?

| કીચન ગાર્ડન | નર્સરી | બાવળનું ખાતર | કંપોસ્ટ ખાતર | ચાફ કટર | અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |

## આ માર્ગદર્શિકા તૈયાર કરવા માટે સહયોગ આપવા બદલ આભાર

અઝીમ પ્રેમજી ફિલન્થ્રોપીક ઇનીસીએટીવ્સ-ન્યુ દિલ્હી
Azim Premji Philanthropic Initiatives (APPI)
New Delhi

વ્હીલ્સ ઈન્ડિયા નિસ્વાર્થ ફાઉન્ડેશન-ગાંધીનગર (ગુજરાત)
Wheels India Niswarth Foundation (WIN)
Gandhinagar-Gujarat

Azim Premji Foundation

WIN FOUNDATION



# માર્ગદર્શિકા

## ભૂગર્ભજળ વપરાશકર્તાઓની જૂથ રચના, ક્ષમતાવર્ધન અને ટકાઉપણા માટેની પ્રક્રિયા

Standard Operating Procedure

Guidelines & Support



Kankavati Managed Aquifer Recharge Through Community

K-MARC

Groundwater - Secure it, Secure your self

Visit Us
www.kmarc.live
www.act-india.org

ARID COMMUNITIES & TECHNOLOGIES

એરિડ કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજિસ
એ-૫૬, ચંગલેશ્વર સોસાયટી, રંજનવાડીની સામે,
મુન્દ્રા રોડ રી લોકેશન સાઇટ, ભૂજ-કચ્છ.